અપીલ અરજી નં.૨૦૫તા.૪–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી છીતુભાઈ ભગવાનભાઈ સુરતી તથા શ્રી જેરામભાઈ છીતુભાઈ સુરતી
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી છીતુભાઈ ભગવાનભાઈ સુરતી તથા જેરામભાઈ છીતુભાઈ સુરતીની તા.૧૩–૬–૧૧ની અરજીથી મોજે ઉધનામાં આવેલ રેવન્યુ સર્વે નં. ૫૦ અને ૫૧ પૈકી આવેલ વલ્લભ વસાહતના નામે ઓળખાતી અનુક્રમનં. (૧૯૨) અને મિલ્કત નં. (૧૮૯) ની માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૪–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૦૫/૨૦૧૧–૧૨

શ્રી જેરામભાઈ છીતુભાઈ સુરતીની તા.૧૩–૬–૧૧ની અરજીથી મોજે ઉધનામાં આવેલ રેવન્યુ સર્વે નં. ૫૦ અને ૫૧ પૈકી આવેલ વલ્લભ વસાહતના નામે ઓળખાતી અનુક્રમનં. (૧૯૨) અને મિલ્કત નં. (૧૮૯)ની માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન./અકણ(આરટીઆઈ)/૪૪૧ તા. ૪–૭–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં. આરટીઆઈ સેલ /૬૩૯ તા. ૧૦–૮–૧૧થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમના નામે કરેલ મુળ અરજીની માંગતી માહિતીની નકલ, ફી ભર્યાની વિગત તથા જા.મા.અ. એ આપેલ માહિતી અને તેની સામે નારાજગી આધાર સહ જણાવવા તથા અપીલ અરજીમાં તેઓ મુળ અરજીકર્તા ન હો તો તેઓ અપીલમાં અરજદાર બની શકે નહીં તે પણ જણાવતો પત્ર પાઠવવામાં આવે છે. જેના અનુસંધાને ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન./ અકણ/ આરટીઆઈ /આઉટ નં./૭૧૭ તા. ૩–૯–૧૧થી પુરક વિગતોમાં નોંધ વિભાગ ,મુળ અરજીની નકલ, મિલ્કત નં.૧૮૯ ઉધના ગ્રામ પંચાયતનું વેરાની આકારણી નમુના–૮ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તરફથી પત્ર નં સા.ઝોન/અકણ/આરટીઆઈ/ ૩૫૩ તા.૧૭–૬–૧૧ થી જાહેર માહિતી અધિકારી પનાસગામ,સીટી.મામલતદારશ્રી,વાલ્મીકી કેમ્પસ , પનાસગામ સુરતને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં સા.ઝોન/ અકણ/ આરટીઆઈ/ ૪૦૧ તા. ૨૪–૬–૧૧થી અરજદારને નાણાં ભરવા માટે પાઠવેલ પત્રની નકલ,પત્ર નં.સા.ઝોન/ અકણ/ આરટીઆઈ/૪૪૧ તા. ૪–૭–૧૧થી અરજદારને સમય અવધિમાં આપેલ માહિતીના પત્રની અંગેની નકલ અત્રે મળેલ છે. અરજદાર તરફથી કોઈ પુરક વિગતો મળેલ નથી.

અરજદારની તા. ૧૩–૬–૧૧ની અરજીથી મોજે ઉધનામાં આવેલ રેવન્યુ સર્વે નં. ૫૦ અને ૫૧પૈકી આવેલ વલ્લભ વસાહતના નામે ઓળખાતી અનુક્રમનં. (૧૯૨) અને મિલ્કત નં. (૧૮૯) ના મર્હુમ ભગવાનભાઈ ફકીરભાઈ નામે નોંધાયેલ છે તેના ગ્રામપંચાયતના ઠરાવની નકલ(૭/૧૨)ની નકલ ઉધના ગ્રામ પંચાયતની વેરાબીલ આકારણી નમુના નં.૮ નં. (૬)ની એન્ટ્રી અને કયા સાલમાં આકારણી કરવામાં આવી જમીના કકડાનો નોંધ નં. ,ક્ષેત્રફળ અને નકશો ,આકારણી દાખલો અને કયા આધારે પોપર્ટી નં. ૧૮૯ના માલિક મર્હુમ ભગવાનભાઈ ફકીરભાઈને બનાવવામાં આવ્યાની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી તલાટીકમ મંત્રી ઉધના તા.સીટી જી. સુરત તથા પનાસ સીટી માલતદાર કચેરી પનાસને સંબોધતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/ ૩૫૩ તા. ૧૭–૬–૧૧થી જાહેર માહિતી અધિકારી પનાસગામ ,સીટી.મામલતદારશ્રી, વાલ્મીકી કેમ્પસ ,પનાસગામ સુરતને તબદીલ કરવામાં આવેલ તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/ ૪૦૧ તા. ૨૪–૬–૧૧થી માહિતીના દસ્તાવેજોની નકલ અંગે રૂા.૧૨/– જમા કરાવ્યેથી પાના નંગ–૬ અપવામાં આવશે તેવું જણાવેલ. જે અંગે અરજદારને એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૪૪૧ તા.૪–૭–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને " ટેના નં.૨૭બી–૦૭–૪૪૬૧–૦–૦૦૧ થી ૦૦૩ ના અસલ પત્રક પાના નંગ–૩ અને પાર્ટી સ્ટેટસ પાના નંગ–૩ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અરજદારે મળ્યાની નોંધ સદર પત્રમાં કરેલ છે. જે બાબતે અરજદારે તા.૪–૭–૧૧ ના નિર્ણયથી નારાજ થઈ તા.૪–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં ઉધનાગામ શહેર વિસ્તારમાં સમાવેશ થયો ત્યારે કયા પુરાવાના આધારે આકારણી પત્રકમાં નામ દાખલ કરેલ છે તેવી માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારીએ પાર્ટી સ્ટેટસ અને અસલ પત્રકની વિગતો પૂરી પાડેલ છે પરંતુ કયા આધારે આકારણી પત્રકમાં નામ દાખલ થયું તેની દફતરી ઉપલબ્ધ વિગત કે અરજદારે માંગેલ

પંચાયતના નમુના–૮ –૧૯ ની નકલ જે જાહેર માહિતી અધિકારીએ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે પરંતુ અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. જેની દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવાની રહે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કયા આધારે આકારણી પત્રકમાં નામ દાખલ થયું તેની પંચાયતના નુમના–૮ ની નકલની નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી છીતુભાઈ ભગવાનભાઈ સુરતી તથા શ્રી જેરામભાઈ છીતુભાઈ સુરતી